## પ્રકરણ ૧

## રાષ્ટ્ર તથા રાષ્ટ્રીય અસ્મિતા

ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતિબિંબ વિશે ચર્ચા કરીએ તે પહેલાં રાષ્ટ્ર તથા રાષ્ટ્રીય અસ્મિતા વિશે સ્પષ્ટતા કરવી જરૂરી બને છે.

રાષ્ટ્ર:- ઇતિહાસના પ્રારંભથી જ, જાતિ, ધર્મ, રીતરીવાજ, ભાષા ઇત્યાદિની સમાનતા ધરાવતા મનુષ્યો સાથે રહેતા હતા એ જાણીતી વાત છે. આવી સમાનતાવાળો માનવસમૂહ કોઇ ચોકકસ સુનિર્દિષ્ટ ભૌગોલિક વિસ્તાર ઉપર પોતાનું રાજ્ય પ્રસ્થાપિત કરતો હતો. એવા રાજ્યને પ્રાચીન ભારતવર્ષમાં "રાષ્ટ્ર" કહેવામાં આવતું હતું. ઋગ્વેદકાળથી માંડીને "રાષ્ટ્ર" શબ્દ સંસ્કૃતમાં પ્રયોજાતો રહ્યો છે. રાષ્ટ્ર શબ્દના જનપદ, રાજ્ય, રાજ્યના તાબાનો કોઇ ચોકકસ પ્રદેશ એવા અર્થો થાય છે. પ્રાચીન ભારતમાં એવાં કેટલાંયે રાષ્ટ્રો હતાં. એ પ્રાચીન રાષ્ટ્રોને - જનપદોને આજના રાજકીય સાર્વભૌમત્વ ધરાવતા રાષ્ટ્રના અર્થમાં ભાગ્યે જ રાષ્ટ્ર કહી શકાય. "અર્વાચીન ભારતીય ભાષાઓમાં "રાષ્ટ્ર" નો અંગ્રેજી "નેશન" શબ્દના પર્યાયરૂપે જે અર્થ કરવામાં આવે છે તે સંસ્કૃતમાં...... લગભગ અજાણ્યો છે."[૧] પ્રાચીન ભારતમાં સાંસ્કૃતિક ઐક્ય હતું, પણ પ્રાચીન ભારતને આજના રાજકીય અર્થમાં આપણે રાષ્ટ્ર !નેશન! નહિ કહી શકીએ. પ્રાચીન ભારતમાં સમસંસ્કારિતા દેખાય છે, પણ નથી દેખાતો તે "અમે રાષ્ટ્ર !નેશન! છીએ" એવો આધુનિક અર્થનો સંકલ્પ.

આજના સંદર્ભમાં "રાષ્ટ્ર" શબ્દ બોલતાં જ રાજકીય સ્વાતંત્ર્ય વા સાર્વભૌમત્વવાળું રાષ્ટ્ર, એમ સૂચિત થાય છે. આ સાર્વભૌમત્વ સિધ્ધ કરેલી અવસ્થામાં અથવા આકાંક્ષિત (ડીઝાયર્ડ) અવસ્થામાં હોઇ શકે. અંગ્રેજો સામેની સ્વાતંત્ર્ય લડતમાં આપણે ત્યાં એ આકાંક્ષિત સ્વરૂપમાં હતું. રાષ્ટ્રની સાથે આ રીતે રાજકીય સ્વાતંત્ર્યનો ખ્યાલ સંકળાયેલો છે; જ્યારે "રાષ્ટ્રીયતા" નો ખયાલ બિનરાજકીય છે અને ભારતમાં થયું હતું એમ, પરદેશી રાજ્યસતા નીચે પણ એ ઉદભવી શકે છે. "રાષ્ટ્રીયતા" એટલે પ્રજાની માનસિક અવસ્થા, પ્રજાના આચારવિચાર, પ્રજાનું સમસ્ત લાગણીતંત્ર." [2] શ્રી. મુનશી નોંધે છે;"એક પ્રદેશમાં વસતો જનસમૂહ તે પ્રદેશને અવલંબિલા કોઇ અર્થ માટે સામુદાયિક ને એકાગ્ર ચેતન દાખવે ત્યારે રાષ્ટ્રીયતા પ્રગટી એમ આપણે કહીએ છીએ." [3] રાષ્ટ્રીયતા એક ભાવના છે. પ્રો. લાસ્કી કહે છે: "Broadly speaking, in fact, the idea of nationality is..... essentially spiritual in character" [4]

જ્યારે રાષ્ટ્રીય ભાવનાનુસાર રાજ્ય રચાય તથા જ્યારે પ્રજાના માનસનું અનુસંધાન રાજ્ય જોડે થઇ રહે, ત્યારે "રાષ્ટ્ર" નિર્માય છે.

જાતિ, ધર્મ, રીતરીવાજ, ઐતિહાસિક - સાંસ્કૃતિક પરંપરાઓ, ભાષાની એકતા, ભૌગોલિક સુસંબધ્ધતા, સામાન્ય રાજકીય આકાંક્ષાઓ પરદેશી સતા અને પરદેશી આક્રમણનો ડર - આ બધાંમાંથી રાષ્ટ્રનું સ્વરૂપ બંધાય છે. રાષ્ટ્રના ઘડતરમાં આ તત્વો સહાયક જરૂર છે, પણ એમના અસ્તિત્વ માટે આ બધાં અનિવાર્ય તો નથી. ઉપર્યુકત તત્વોમાંથી ઘણાં બધાં ઉપસ્થિત ન હોય અને માત્ર રાષ્ટ્રીયતાની ભાવના જાગૃત હોય તથા પ્રજાજનોના આંતરિક એકરાગની વૃત્તિ પ્રબળ હોય, તો પણ રાષ્ટ્રનું નિર્માણ થાય છે. રાષ્ટ્રની મુખ્ય આધારશિલા પ્રજાની સામુદાયિક ઇચ્છાશકિત, સામુદાયિક કર્તવ્યશીલતા તથા સામુદાયિક "પ્રતિરોધ-પરાયણતા" - "વીલ ટુ રેઝિસ્ટ" - છે. આમ, રાષ્ટ્રના પાયામાં

પ્રજાનો એકતાનો મનોભાવ તથા આપત્તિના સમયે સામુદાયિક"પ્રતિરોધ કરી પોતાનું અસ્તિત્વ જાળવવાની ઇચ્છાશકિત" રહેલા છે. "રાષ્ટ્ર એ ભાવનાજન્ય વ્યકિત છે – એન ઓરગેનિઝમ બોર્ન ઓફ એ કન્સેપ્ટ. જ્યારે એક વિશિષ્ટ સમુદાયના પ્રધાન જનવિભાગમાં "અમે રાષ્ટ્ર છીએ" એવો સંકલ્પ, એવી પ્રતીતિ, પ્રગટે ત્યારે રાષ્ટ્રનું નિર્માણ થાય છે." [5]

રાષ્ટ્રપ્રેમની ભાવના માનવજાતિની એક મૂળભૂત ભાવના છે. એનાં મૂળ પ્રાચીનકાળથી માંડી માનવઇતિહાસમાં રહેલાં છે. સ્વદેશ ઉપર આપતિ આવે ત્યારે આત્મભોગ આપીને દેશની સ્વતંત્રતાને રક્ષવાની માનવવૃત્તિ પ્રાચીનકાળથી ચાલી આવે છે. આ સ્વદેશવત્સલતામાં રાષ્ટ્ર-વાદનાં મૂળ રહેલાં છે. જો કે, આધુનિક રાષ્ટ્રવાદનો ઉદભવ તો યૂરોપમાં ૧૮ મી સદીના અંતભાગમાં થયો છે. 'The Idea of nationalism' નો કર્તા Hans Kohn જેને "An historical and political concept" કહે છે, એ આધુનિક રાષ્ટ્રવાદનો પહેલો પ્રબળ આવિષ્કાર ફ્રેંચ રાજ્ય-ક્રાંતિમાં જોઇ શકાય. ફ્રેંચ રાજ્યક્રાંતિ !ઇ.સ.૧૭૮૯! દ્વારા એક વાત સ્પષ્ટ થઇ કે રાષ્ટ્રીયતાની ભાવના ધરાવતી પ્રજાને પોતાનું સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર સ્થાપવાનો અધિકાર હોવો જોઇએ. આ અધિકારના ખ્યાલમાંથી રાષ્ટ્રવાદ જન્મ્યો. પ્રો. લાસ્કી કહે છે એમ, પોલેન્ડના પહેલા વિભાજનથી આજનો રાષ્ટ્રવાદ ભાગ્યે જ જૂનો છે. ભારતના રાષ્ટ્રપ્રેમીઓએ રાષ્ટ્રવાદ અંગેની પ્રેરણા યૂરોપમાંથી મેળવી છે.

ભારતમાં રાષ્ટ્રવાદ, આ આધુનિક અર્થમાં, મુખ્યત્વે પરદેશી રાજ્યશાસન સામેના વિરોધમાંથી – સ્વાતંત્ર્ય ઝંખનામાંથી જન્મ્યો છે. ભારતના રાષ્ટ્ર !નેશન! તરીકેના ઘડતરમાં તેમ ભારતમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટાવવામાં અંગ્રેજી રાજ્યઅમલ નિમિતભૂત થયો છે. પણ એનો અર્થ એમ નથી કે વતનપ્રેમનો પ્રેરક ખ્યાલ ભારતવાસીઓને હમણાં જ અવગત થયો છે. ઋગ્વેદના સમયથી માતૃભૂમિની વંદના આ દેશમાં થતી રહી છે. દેશપ્રીતિના એ પ્રેરક ઉદગારોમાં ભારતના સાંસ્કૃતિક ઐક્યની ઝાંખી થાય છે. ભારતમાં પૂર્વે સ્થપાયેલાં સામ્રાજ્યો કરતાં સમયદૃષ્ટિએ ઓછામાં

ઓછું ટકેલા બ્રિટિશ સામ્રાજ્યે એની મોટામાં મોટી ભેટ તરીકે ભારતે પહેલાં કદી અનુભવી ન હોય એવી રાજકીય એકતા એને બક્ષી, એ હકીકત છે. સાથે એ હકીકતે ય કહેવી જોઇએ કે ભારતવાસીઓની સાંસ્કૃતિક એકતા તો છેક પ્રાચીનકાળથી તરી આવતી એક નોંધપાત્ર સિધ્ધિ છે. ચંદ્રગુપ્ત મૌર્ય, અશોક, સમુદ્રગુપ્ત, હર્ષવર્ધન, અકબર જેવા સમ્રાટો આ દેશમાં થયા છે, એ બધાએ રાજકીય સૂત્રના એક તારે આ વિશાળ ઉપખંડને ગૂંથવાનો પ્રયાસ કર્યો છે તથા દેશને રાજકીય એકતા અર્પી પણ છે. "આસમુદ્રક્ષિતીશ:" રાજ્ય કરનાર સમ્રાટનો આદર્શ પ્રાચીન ભારત સમક્ષ પણ હતો. પરંતુ કહેવું જોઇએ કે એકચક્રી શાસનમાંથી ઉદ્ભવતી રાજકીય એકતા પ્રાપ્ત કરવી એ ભારતનું એના સુદીર્ઘ ઇતિહાસ દરમિયાન એકંદરે સાધ્ય રહ્યું નથી. ભૂતકાળના ભારતનું મુખ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઐક્ય તરફ વિશેષ વળેલું જણાય છે. એ પરિસ્થિતિમાંથી રાજકીય ઐક્યને ફલિત થવું હોય તો ભલે થાય, એ રાજકીય ઐક્ય પાછળ ભારતે દોટ મૂકવાની એકંદરે વૃત્તિ સેવી નથી. ભારતીય સંસ્કૃતિની આ એક વિશેષતા ગણી શકાય.[6]

ઋગ્વેદના કાળથી સામાન્ય લોકોની રોજબરોજની પ્રાર્થનાઓમાં દેશને અખંડસ્વરૂપમાં જોવામાં આવ્યો છે. જનજીવનના સમૃધ્ધિદાતા તરીકે દેશની અર્ચના થતી રહી છે. દેશભક્તિના પ્રાચીન ઉદ્ગારોમાં કોઇ ઉગ્ર આવેશમયતા જોવામાં નથી આવતી, એમાં વણાઇ ગયેલી છે હૃદયની સ્નિગ્ધ સુકોમળતા. ઋગ્વેદમાં વૈદિક સમયના ભારતની અખંડિતતા અને એકતા દર્શાવતું એક સરિતસ્તોત્ર મળે છે. ભારત તરફ હૃદયની કૃતજ્ઞતાભરી ભાવ-ભક્તિ રજૂ કરતી આપણી આ સર્વ પ્રથમ પંક્તિઓ છે:

इमं मे गङ्गे यमुने सरस्वति शुतुद्रि स्तोमं सचता परुष्ण्या।
असिकन्या मरुद्वृधे वितस्तयार्जीकीये शृणुह्या सुषोमया॥

આર્યો સમગ્ર ભારતમાં વ્યાપી ગયા હતા અને વેદકાલીન આર્યાવર્તની ભૌગોલિક ક્ષિતિજો વિસ્તરેલી હતી તે દર્શાવતું, ઉપરની પંક્તિઓના એક બીજા સ્વરૂપ જેવું, પુરાણનું આ સરિતસ્તોત્ર જાણીતું છે:

गङ्गे च यमुने चैव गोदावरि सरस्वति। ७अ.
नर्मदे सिन्धु कावेरि जलेऽस्मिन् सन्निधिं कुरु॥

દરેક ભારતીયજને જેની યાત્રા કરવી જોઇએ એ સપ્તમોક્ષદાયિકા નગરીના પુરાણમાં થયેલા નીચેના ઉલ્લેખમાં લગભગ સમગ્ર ભારતનો સમાવેશ થઇ જાય છે:

अयोध्या मथुरा माया काशी काञ्ची अवन्तिका।
पुरी द्वारावती चैव सप्तैता मोक्षदायिका:॥ ७ब.

તીર્થસ્થાનોની સતત કરાતી યાત્રાઓ ભારતવાસીઓને ભારત જેવા વિશાળ દેશ સાથે હૃદયની એકરૂપતાનો અનુભવ કરાવવામાં તથા ભારતને એક અને અવિભાજ્ય દેશ તરીકે જોવા-કલ્પવામાં સહાયભૂત થયેલી છે.

અથર્વવેદમાં માતૃભૂમિવંદનાના ભાવમય ઉદગારો જોવા મળે છે:
गिरयस्ते पर्वता हिमवन्तोऽरण्यं ते पृथिविस्योनमस्तु। ७क.

મનુસ્મૃતિ, શ્રીમદ ભાગવત, વિષ્ણુપુરાણ, ઇત્યાદિમાં દેશપ્રીતિનાં ઉચ્ચારણો થયેલાં છે:

गायन्ति देवा: किल गीतकानि धन्यास्तु ते भारतभूमिभागे।
स्वर्गापवर्गास्पदमार्गभूते भवन्तिभूय पुरुषा: सुरत्वात्॥ ७ड.

પ્રાચીનકાળથી આ દેશના લોકોનો આવો અનુભવ હતો:-

" India is not a mere congeries of geographical fragments, but a single, though immense, organism, filled with the tide of one strong pulsating life from end to end." 7-e.

સમગ્ર ભારતમાં ધબકતા એક જ હૃદયનો ધબકાર રજૂ કરતી ઉપરની જનની जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी જેવી પંક્તિઓ પ્રાચીનકાળના કવિઓની ભારતપ્રીતિનો તેમ ભારતની સાંસ્કૃતિક એકતાનો ખ્યાલ આપી રહે છે.

આગળ નોંધ્યું છે એમ, ભારતમાં "અમે રાષ્ટ્ર છીએ" એવી અસ્મિતા પ્રગટાવવામાં બ્રિટિશરાજ્યઅમલ નિમિત્તભૂત થયો છે. બ્રિટિશરોના સુવ્યવસ્થિત રાજ્યતંત્ર નીચે સમગ્ર ભારત ગુલામી ભોગવી રહ્યું હતું. ભારતની રાષ્ટ્રીય અસ્મિતાને જાગૃત કરવામાં ભારતના આ સામાન્ય પારતંત્ર્યે !કોમન સબ્જેકશન! ફાળો આપેલો છે, એમ જોવામાં આવ્યું છે

કે દેશના વેપાર‌ઉદ્યોગ અને રાષ્ટ્રવાદને નિકટનો સંબંધ છે. ૧૯મી સદીના ઉતરાર્ધમાં દેશમાં નવા ઉદ્યોગો શરૂ થતા હતા, "હુન્નરખાનની ચડાઇ"-ની આગાહી મળી ચૂકી હતી અને આ સાથે જ Flag follows the trade-ની પધ્ધતિએ વેપારીઓમાંથી રાજ્યકર્તા બની બેઠેલા અંગ્રેજોની વણિકશાહી સામેના વિરોધનો સળવળાટ પ્રજાહ્રદયમાં શરૂ થયો. એ રીતે પણ ભારતીય રાષ્ટ્રવાદનો પાયો નખાયો છે. એ જ રીતે ભારતીય પ્રજાની રાજનૈતિક આકાંક્ષાની એકતાએ ભારતની રાષ્ટ્રીય ચેતનાને વિવૃધ્ધ કરી છે. આ રીતે રાજકીય પરિબળોએ, પરદેશીઓના આર્થિક શોષણમાંથી મુક્તિ મેળવવાની તાલાવેલીએ, શિક્ષણના પ્રસાર સાથે ભારતીય પ્રજાને લાધેલી નવજાગૃતિએ તથા આજે અવનત દશા ભોગવતી પણ એક કાળની મહાન પ્રજાની સાંસ્કૃતિક સમુન્નતિ સિધ્ધ કરવાની પ્રજાકીય નેતાઓની આકાંક્ષાઓએ ભારતના રાષ્ટ્રવાદને દૃઢમૂલ બનાવ્યો છે.

ભારતમાં યુનિવર્સિટીઓની સ્થાપના પછી જ્ઞાન અને સંસ્કારના ક્ષેત્રે નવજીવનનો યુગ બેઠો હતો. આ નવજીવનના યુગમાં આપણે ભૂતકાળના ભારતની ભવ્યતાની ઝાંખી કરી શકયા. ગૌરવવંતા ભૂતકાળનાં સ્મરણોનો સામુદાયિક ભંડાર ખુલ્લો થયો. ભૂતકાળના આ વૈભવ અને વારસાએ હતગૌરવ બનેલા ભારતમાં "રાષ્ટ્ર" તરીકેનું નવું તેજ ઉમેર્યું. પરિણામે, "અમે રાષ્ટ્ર છીએ" એવી ભાવના પ્રારંભમાં યુનિવર્સિટી શિક્ષણ પામેલાંઓમાં ઉદભવી અને ધીરે ધીરે સમગ્ર પ્રજામાં એ ફેલાઇ. જોકે, લાંબેગાળે, હિંદુઓ અને મુસલમાનો વચ્ચે એકરાગ પ્રસ્થાપિત થયો નહિ. એટલે અંશે આપણી રાષ્ટ્રીયતા વિદેશી શાસન સામેની સામુદાયિક પ્રતિકારપરાયણતા ન કેળવી શકી, એમ કહેવાય. પરંતુ એ જાુદી વાત છે.

અહીં પ્રશ્ન પૂછવામાં આવે કે ભારતને "રાષ્ટ્ર" કહી શકાય ખરૂં? કોઇપણ દેશ "રાષ્ટ્ર" શબ્દના આદર્શ અર્થમાં રાષ્ટ્ર બની શકે નહિ, એ સંભવિતતા આનો ઉતર આપતી વખતે ધ્યાનમાં રાખવા જેવી છે. અંગ્રેજોના આગમન પહેલાંના અંદરોઅંદર ઝઘડતાં, જાુદાંજાુદાં સ્વતંત્ર રાજ્યોમાં વહેંચાયેલા ભારતને ભાગ્યેજ આજના રાજકીય અર્થનું "રાષ્ટ્ર" કહી શકાય.

ભૂતકાળના અનેક રાજ્યઅમલો જે સિધ્ધ નહોતા કરી શકયા એ એક ભારત રાષ્ટ્રનું સર્જન અંગ્રેજોના અમલ દરમિયાન કેવીરીતે થયું, તેનો ઉલ્લેખ હમણાં જ કર્યો છે. ભારતમાં ભાષાની, જાતિની, ધર્મની, રીતરીવાજોની અપાર વિવિધતા રહેલી છે. છતાં એ દેખીતી વિભિન્નતાઓ વચ્ચે ભારત એક રાષ્ટ્ર – એના સાંસ્કૃતિક અર્થમાં – ભૂતકાળમાં બની શક્યું હતું. આઝાદી માટેની રાષ્ટ્રીય લડત દરમિયાન ભારત રાજકીય અર્થમાં પણ રાષ્ટ્ર બની ગયું – ભાષાની, જાતિની, લોકવ્યવહારની વિવિધતાઓ હોવા છતાં. કેમ કે રાષ્ટ્રના ઘડતરમાં આ બધાં તત્વો અનિવાર્ય નહિ પણ સહાયક કહી શકાય એવાં છે. [8]

રાષ્ટ્રવાદ, એના આત્યંતિક સ્વરૂપમાં, એના સંકુચિત તથા વિકૃતરૂપમાં સરમુખત્યારશાહી તરફ ઢળી જાય છે. રાષ્ટ્રવાદનું એક ભયસ્થાન છે. હિટલરનું જર્મની અને મુસોલીનીનું ઇટલી એનાં ઉદાહરણો છે. પરંતુ ભારતમાં ભારતીય સંસ્કૃતિની ઉદાર પરંપરાઓએ તથા રામમોહનરાય, ટાગોર અને ગાંધીજી જેવા મહાન પુરુષોએ સંકુચિત, ઝનૂની, પરપીડક તથા વિકૃત રાષ્ટ્રવાદ ઉભો થવા દેવાની ઘણી ઓછી તકો રહેવા દીધી હતી. વિશ્વભરમાં નહીં તો ભારતમાં આંતરરાષ્ટ્રીયવાદના પ્રથમ પુરસ્કર્તા રામમોહનરાય છે. ફ્રાંસના વિદેશમંત્રીને ઇ.સ. ૧૮૩૧ માં પત્ર લખતાં રાજા રામમોહન કહે છે: "કેવળ ધર્મ દ્વારા જ નહીં, પ્રત્યુત્ અદૂષિત સામાન્ય બુધ્ધિ અને વિજ્ઞાન દ્વારા પણ એમ જ્ઞાત થાય છે કે સમગ્ર મનુષ્યજાતિ એક પરિવાર છે તથા જે અનેક જાતિઓ અને રાષ્ટ્રો છે તે સર્વ એ જ પરિવારની શાખાઓ છે."[9] ટાગોરે કહ્યું છે કે સાચું ભારત ભારતીયતાના સીમાડાઓને અતિક્રમી જાય છે. દેશ કરતાં સત્યને ઊંચું ગણવાનો આદર્શ "ઘરે-બાહિરે" માં એમણે રજૂ પણ કર્યો છે. ગાંધીજી કહેતા, My nationalism is internationalism in practice ભારતીય રાજકારણના જહાલમતવાદી નેતાઓ પણ My nation - right or wrong, એવા આક્રમક રાષ્ટ્રવાદના પુરસ્કર્તાઓ નહોતા. [10]

<u>રાષ્ટ્રીય અસ્મિતા</u>:- ભારતમાં ભૌગોલિક સુસંબધ્ધતાનું માળખું તૈયાર હતું. ૧૯ મી સદીના ઉતરાર્ધમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ થઇ એટલે એ માળખામાં પ્રાણ પ્રગટી ઉઠયો.[11] આ રાષ્ટ્રીય અસ્મિતાનો શો અર્થ કરી શકાય? અસ્મિતા એટલે આત્મજ્ઞાન, હું - છું - એનું ભાન. મુનશીએ એ શબ્દને આત્મજાગૃતિ, સ્વશકિતનું ભાન, એવા અર્થમાં પ્રયોજ્યો છે. દેશ જ્યારે જાગૃત થાય, સ્વશકિતનું એને ભાન થાય, ત્યારે દેશમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટી એમ કહી શકાય. જો કે, "અસ્મિતા" શબ્દનો યોગસૂત્રમાં આપવામાં આવેલો યૌગિક અર્થ જાુદો છે. આત્મા અને બુધ્ધિની એકતાની પ્રતીતિ, મન-બુધ્ધિની એકતાની ખાતરી, એ એનો યૌગિક અર્થ છે. અર્વાચીન સંદર્ભમાં એ શબ્દ જાુદી રીતે પ્રયોજાય છે.

પ્રજાજનોને દેશ જ્યારે એક અને અખંડ સ્વરૂપનો લાગે, દેશમાં દેખાતી વિવિધતાઓ વચ્ચે ઐક્યની તાર અવિચ્છિન્નરૂપે વણાઇ ગયેલો પ્રતીત થાય, દેશભાષાની કાળજીભરી માવજત લેવાનો પ્રયત્ન થાય, દેશની સમુન્નત સંસ્કૃતિનો ખ્યાલ જાય, વળી એ સમુન્નત સંસ્કૃતિને વર્તમાનની ભૂમિકા પર ઉતારવાનો અભિલાષ જાગે, દેશના સર્વતોલક્ષી કલ્યાણ માટે પ્રવૃતિરત બનવાનો તથા દેશહિતને નુકશાનકારક જણાય તેવાં બળોનો સામનો કરવાનો સંકલ્પ બંધાય: ટૂંકમાં, દેશના દેશ-પણાની અનુભૂતિ થાય ત્યારે રાષ્ટ્રીય અસ્મિતાનો ઉદ્ભવ થયો એમ ગણી શકાય. ભારતમાં રાષ્ટ્રીય અસ્મિતાના ઉદ્ભવની આ પ્રક્રિયા હતી.

અંગ્રેજોના આગમન પહેલાંના ભારતમાં પ્રજા પોતાના વિશિષ્ટ વ્યકિતત્વને વિસરી ગઇ હતી. પણ એનો અર્થ એમ નહિ કે એ કાળની પ્રજામાં રાષ્ટ્રીય અસ્મિતાનો સદંતર અભાવ હતો. માત્ર એટલું જ કે એ પ્રગટ નહિ પણ પ્રચ્છન્ન સ્વરૂપમાં હતી અને વિશિષ્ટ સંજોગો મળતાં જાગી ઉઠવાની શકયતાઓ ધરાવતી હતી. અંગ્રેજોના આગમન પછી ભારતમાં બેઠેલા નવજાગૃતિના યુગમાં સુષુપ્તાવસ્થામાં રહેલી એ અસ્મિતા જાગી પણ ખરી.

ફ્રેડરિક હર્ટ્ઝ નામે લેખક રાષ્ટ્રીય અસ્મિતાનું નીચે મુજબ વર્ણન

કરે છે: " National consciousness consists in the combined striving for unity, liberty, individuality and prestige... (It) constitutes a nation ~~and prestige~~ in the political sense." 12

રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ રાજકીય સ્વતંત્રતા, આર્થિક સ્વાવલંબન, સામાજિક સમાનતા તથા સાંસ્કૃતિક સમુન્નતિ સિધ્ધ કરવાના પ્રજાકીય પુરુષાર્થમાં જોઇ શકાય. સંક્ષેપમાં, દેશને અખંડ સ્વરૂપમાં જોવો અને એના હિતની ચિંતા સેવવી એ રાષ્ટ્રીય અસ્મિતાનું બીજું નામ છે.

આવી રાષ્ટ્રીય અસ્મિતાના ગુજરાતી કવિતામાં પડેલાં સ્ફુટા-સ્ફુટ પ્રતિબિંબોની તપાસ કરવી એ પ્રસ્તુત મહાનિબંધનો વિષય છે. રાષ્ટ્રીય અસ્મિતાના પ્રવાહમાં કવિઓ ઊંચકાતા હોય છે. એ રંગે રંગાતા હોય છે. તો એના પ્રગટીકરણમાં, પ્રજાની સુપ્ત ચેતનાને ઢંઢોળીને ક્યારેક સહાયભૂત પણ થતા હોય છે. આપણે ત્યાં ગુજરાતમાં કવિઓ એક બાજુથી રાષ્ટ્રીય અસ્મિતાના વાહકો થયા છે, તો બીજી બાજુથી રાષ્ટ્રીય અસ્મિતાની ચિનગારીને પ્રજ્વલિત કરવામાં સહાયકો પણ થયા છે. ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત થયેલી રાષ્ટ્રીય અસ્મિતા મુખ્યત્વે સાંસ્કૃતિક સ્વરૂપની અને ગૌણરૂપે રાજકીય સ્વરૂપની જણાય છે. દેશનું સાંસ્કૃતિક ગૌરવ પુન:સ્થાપિત કરવામાં રાજકીય સ્વાતંત્ર્યને આપણા સાહિત્યકારોએ એક સાધન તરીકે જોયેલું લાગે છે.

ભારતમાં બ્રિટિશ સલ્તનતને આપણો કવિ પડકારે તો જ એણે રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ કરી કહેવાય એવી સામાન્ય રીતે પ્રચલિત માન્યતા ભૂલ ભરેલી ગણાય. પ્રજાહિતને કવિ કોઇપણ પ્રકારે લક્ષતો હોય તો એને રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ ગણવું જોઇએ. ૧૯ મી સદીના કવિને બ્રિટિશ રાજ્યઅમલ દેશ માટે આશીર્વાદરૂપ જણાતો હોય અને "હરખ હવે તું હિંદુસ્તાન" એમ ગાઇ ઉઠે તો એ રાષ્ટ્રીય અસ્મિતાની એક અભિવ્યક્તિ જ છે. ૧૯ મી સદીના ગુજરાતનો અને ભારતનો મોટાભાગનો જનસમુદાય બ્રિટિશ રાજ્યઅમલ પરત્વે એકંદરે અહોભાવ ધરાવતો હતો. એ સમૂહભાવનો કવિ પોતાની કવિતામાં પડઘો પાડે છે, ત્યારે એને પ્રજા-

સ્મિતાનો

વિરોધી ગણવાને બદલે વાસ્તવમાં પ્રજાસ્મિતાનો પુરસ્કર્તા ગણવો રહ્યો. દલપતરામ જેવાની બ્રિટિશપરસ્તી !પ્રશંસા! માં પણ રાષ્ટ્રહિતની જ્યાં પ્રામાણિક ઝંખના દેખાય છે, ત્યાં એને રાષ્ટ્રીય અસ્મિતાના આવિષ્કરણરૂપે જોવી ન્યાય્ય ઠરશે.

હવે પછીનાં પ્રકરણોમાં અર્વાચીન ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણને ચર્ચાનું પ્રધાન લક્ષ્ય બનાવેલ છે. બની શકે કે એ પ્રગટીકરણ સાથે કવિતાનું સૌંદર્ય હંમેશાં સંલગ્ન ન હોય, બની શકે કે કોઇ ગૌણ ગણાતા કવિએ રાષ્ટ્રીય અસ્મિતાની અભિવ્યક્તિ કરવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોય. એમ પણ બની શકે કે એ અભિવ્યક્તિને આપણે કવિતા કરતાં ક્વચિત પદ્યનું નામાભિધાન આપવાનું વિશેષ પસંદ કરીએ. રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિબિંબ પડેલું જણાતું હોય તો એ પ્રતિબિંબ જેમાં ઉપસ્યું છે એ કાવ્ય છે કે પદ્ય છે એવી તપાસ કરવાનો ઉપક્રમ અહીં રાખ્યો નથી. આમ છતાં, એમ નોંધવું પ્રાપ્ત તો થાય છે જ કે સંસારસુધારાકાળ પછી, વિશેષે વીસમી સદીમાં, રાષ્ટ્રીય અસ્મિતાની અભિવ્યક્તિ અને કવિતાનું સૌંદર્ય ક્રમશ: વિશેષરૂપે સંલગ્ન થતાં જોવા મળે છે.

---

<u>સંદર્ભ તથા પાદ-નોંધ</u>

૧. "શબ્દ અને અર્થ", પૃ.૭૨-૭૩: ડૉ.ભોગીલાલ સાંડેસરા. વિશેષમાં વાંચો:- "આજે.. રાષ્ટ્ર એ માત્ર રાજ્ય કે એનો પ્રાદેશિક વિભાગ નથી, પણ એક જ પ્રકારની ભાવનાઓ ભાવતી પ્રજાથી વસાયેલો દેશ છે: રાષ્ટ્રીય હવે રાજાની અપેક્ષાએ નથી, પણ પ્રજાની અપેક્ષાએ છે. એટલું ~~ન~~ નહિ પણ કાળની લીલાએ રાજકીય અને પ્રજાકીય એ બન્નેને એકત્વ અર્પી દીધું છે !" !એજન, પૃ.૭૪!.

રાષ્ટ્રીયશ્યાલના સંક્ષેપરૂપ "રાષ્ટ્રીય" નો એક અર્થ રાજાનો સાળો એવો થતો હતો. પ્રાચીન સામ્રાજ્યના "રાષ્ટ્ર" નામે ઓળખાતા એકમના રાજનિયુક્ત અધિકારીને પણ સંસ્કૃતમાં "રાષ્ટ્રીય" ~~કહ્યો~~

કહ્યો છે. !એજન, પૃ. ૫૪-૫૫!.

૨. C.J.H. Hayes તથા A.E. Zimmern નો આ વિચાર "પોલિટિકલ થિયરી", પૃ. ૫૬૩, ઇ. આશીર્વથમમાં અવતરિત.

૩. ગુજરાતની અસ્મિતા, પૃ. ૧૧૫-૧૧૬: કનૈયાલાલ મુનશી.

૪. એ ગ્રામર ઓફ પોલિટિક્સ, પૃ. ૨૧૯-૨૨૦: પ્રો. હેરલ્ડ લાસ્કી.

૫. સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના ડિસે. ૧૯૬૨ ના પદવીદાન સમારંભની પ્રવચનપુસ્તિકા, પૃ. ૩; કનૈયાલાલ મુનશી. "પ્રતિરોધપરાયણતા" શબ્દ શ્રી. મુનશીએ નવો પ્રયોજેલો છે. અહીં વિશેષમાં વાંચો Oppenheimer નો મેક્આઇવરે ટાંકેલો મત. 'The consciousness of nationality makes the nation and not the nation the consciousness of nationality' (Society, P.155).(1949)

૬. 'The culture of India as envisaged by Sri. Aurobindo,' P.95; C.C. Dutt." In India's case, we can say definitely that a mere political oneness effected by an arbitrary centralised rule imposed by conquest was never her aim." (p.95, Ibid).

૭. ધ ફન્ડામેન્ટલ યુનિટી ઓફ ઇન્ડિયા, પૃ. ૨૭ ઉપર અવતરિત; ડો. આર. કે. મુકરજી: ૭-અ, એ જ, પૃ. ૨૯ ઉપર અવતરિત; ૭-બ, એ જ પૃ. ૩૦ ઉપર અવતરિત; ૭-ક, એ જ, પૃ. ૯૭ ઉપર અવતરિત; ૭-ક, એ જ, પૃ. ૯૭ ઉપર વિષ્ણુપુરાણની પંક્તિઓ અવતરિત; ૭-ઇ, એ જ પૃ. ૪૭.

૮. " Intense national self consciousness may coexist with great diversity of racial origins." - Essays in Sociology and Social Philosophy, Vol.I, p. 245: Morris Ginsberg.

૯. "સંસ્કૃતિકે ચાર અધ્યાય" માં અવતરિત, પૃ. ૫૪૪, રામધારીસિંહ દિનકર.

૧૦. ઉદ્દામવાદી રાજકીય પ્રવૃત્તિની કિંમતી તાત્ત્વિક ભૂમિકા બાંધી આપનાર શ્રી. અરવિંદે ઇ. સ. ૧૯૦૯ માં દેશવાસીઓને લખેલા પત્રના ઉદગારો આ સંદર્ભમાં ધ્યાનમાં લેવા જેવા છે: "Our ideal of Swaraj involves no hatred of any other nation.." 'Speeches', P.141-142 Sri. Aurobindo.

૧૧. "સ્વપ્નદ્દૃષ્ટા", પૃ. ૧૭૯: કનૈયાલાલ મુનશી. (૫મ આ.)
૧૨. નેશનાલીટી ઇન હિસ્ટ્રી એન્ડ પોલિટિકસ, પૃ. ૨૧
ફ્રેડરિક હર્ટ્ઝ.